BUSINESS મિત્ર Plus

સોલિડ જોબ ડેટા પછી ડોલરમાં રિબાઉન્ડ, રૂપિયામાં સંગીન રિકવરી

બીરેન વકીલ

શેરબજારમાં કહી ખુશી કહી ગમ જેવું મિશ્ર ચિત્ર છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારતીય જીડીપી વિકાસદર 7.8 ટકા જેવો શાનદાર રહ્યો છે. એફસીએનઆર ડિપોઝિટમાં 136 અબજ ડોલર જેવો તોતિંગ ડોલર પ્રવાહ આવ્યો છે. ફોરેક્સ રિઝર્વ 740 અબજ ડોલરને વટાવવી ઓલટાઈમ હાઈ થઈ છે. ખાનગી મૂડી ખર્ચમાં વધારો, ઘરેલુ માગ ઘણી જ મજબૂત છે પણ શેરબજારમાં ઉંચા મથાળે લેવાલીમાં સાવચેતીનો સૂર છે. સ્થાનિક સ્તરે અલ નીનો- અપૂરતો વરસાદ થોડી ચિંતા કરાવે છે. જૂલાઈમાં વરસાદની ખાધ ઘટી છે પણ ઓગષ્ટમાં વરસાદ ઘણો ઓછો રહ્યો. સપ્ટેમબરમાં વરસાદની ખાધ પુરાય એ જરૂરી છે. મગફળી, સોયાબીન, તૂવેર, કપાસ, એરંડા, જેવી ખરીફ ફસલ પાણી માટે તરસે છે. જો સપ્ટેમબરમાં પણ વરસાદની ખાધ ઘટે નહી, ખાસ તો વરસાદની વહેચણીની અસમતુલાએ ઘટે નહી તો ઘણા ખરા ખરિફ પાકોમાં ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડોઆવી શકે. વરસાદ ખેંચાયો હોઈ ગવાર-એરંડા જેવી સટ્ટાકીય કોમોડિટીઝમાં તોફાની તેજી આવી છે. આ બેઉ કોમોડીટી એક અર્થમાં પ્રોક્સી વેધર કોન્ટ્રાક્ટ- વરસાદી સટ્ટા ગણાય છે.

અલ નીનો અને ઈરાન રિસ્ક વચ્ચે શેરબજારોમાં સાવચેતી- એગ્રીકોમોડીટીઝમાં તેજીનો ભારેલો અગ્નિ

હાલમાં કપાસ અને સોયાબીનમાં પાકની સ્થિતી ઠીકઠાક છે. પણ 15 દિવસમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગના, કર્ણાટક, વેસ્ટ રાજસ્થાન, ઉ. ગુજરાત, કચ્છમાં વરસાદની ખાધ ઘટે નહી તો મગફળી-કપાસ-સોયાબીન-તૂવેર-શેરડીમાં ક્રોપ રિસ્ક વધશે. અલનીનો અને હીટ વેવ હાલમાં પડકાર છે જ, સાથોસાથ ઈરાન-અમેરિકા તેમજ યુક્રેન-રશિયા વચ્ચે વોર વકરતા, અમેરિકાએ વીકએન્ડમાં ઈરાન પર નવેસરથી હુમલા કરતા આજે ક્રુડઓઈલ કેવું ખૂલે એના પર બજારની નજર છે. વૈશ્વિક બજારમાં મોંઘવારીના મામલે એનર્જી અને ફુડ એમ બેવડો પડકાર સર્જાયો છે. મકાઈ, ઘઉ, સોયાબીન પાકોને હીટવેવ- શિપિંગ ડિસરપ્શન ફ્રેઈટની તેજી નડે છે. ઓઈલને વોર-વેધર-ફ્રેઈટ અને તોતિંગ વીમાખર્ચ

નડે છે. અમેરિકામાં ડિઝલના ભાવ ટન ઓલટાઈમ હાઈ થઈ ગયા છે. બેરલના હીસાબે યુરોપ ડિઝલ 175 ડોલર થઈ ગયું છે.

યુરોપમાં મકાઈ-ઘઉના વાયદામાં ઝડપી તેજી થઈ ગઈ છે. ઘરઆંગણે નિફ્ટીમાં 24400-24700 આસપાસ રેઝિસ્ટન્સ અને 23200-400 સપોર્ટ એરીયા છે. લગભગ છ માસથી બજાર સિમિત દાયરામાં છે. વાયદા કારોબારમાં ટર્નવરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નવી ઓકશન સિસ્ટમ, ગ્લોબલ વોલેટિલીટી, અલ નીનો અને એનર્જી શોક જેવા બાહ્ય પડકારો વચ્ચે બજારોમાં અસમંજસની સ્થિતી છે. અમેરિકી બજારોમાં પણ ટેક સેકટરમાં સેચ્યુરેશન છે. એઆઈ સેકટરમાં કેશ બર્ન રેટ ઘણો ઉંચો છે, ફેડ વહીવટી તંત્ર વેનેઝુએલા, ઈરાન, યુરોપ, કલાયમેટ ચેન્જ, ટેરિફ, બીગટેક, એઆઈ પોલીસી, ઈમીગ્રેશન એમ અનેક મોરચે ઓવરએક્ટિવ હોઈ નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણી અગાઉ મોટા પૈસા સાઈડલાઈનમાં થતા જાય છે. વૈશ્વિક પરિબળોથી ભારત સહીત એશિયાના બજારો પણ ખબ પ્રભાવીત છે.

કરન્સી બજારોની વાત કરીએ તો રૂપિયામાં શાનદાર રિબાઉન્ડ છે. ફેબ્રુઆરી-માર્ચમાં અમેરિકા-ઈરાન યુધ્ધ પછી હોરમુઝ બંધ થતા તેમજ ક્રુડ 100-115 ડોલર થઈ જતા રૂપિયો એક તબક્કે 98.98 થયો હતો. એ પછી રિઝર્વ બેન્કે ડોલર સ્લેપ, એફસીએનઆર સ્કિમ સહીત ઘણા પગલા લેયા રૂપિયો મજબૂત થવા લાગ્યો છે. અત્યારે ડોલરનો ઈન્ફલો જોતા રિઝર્વ બેન્ક બજાર દરમિયાનગીરી પુરે પુરી છોડી દે તો રૂપિયો કદાચ 91-92 સુધી ઝડપી સુધરી શકે. રૂપિયો 10 વટાવી જશે એવી ભીતિ હાલ પુરતી ટળી ગઈ છે, સીવાય કે કોઈ બહુ મોટી જીઓપોલિટિકલ ઈવેન્ટ સર્જાય.

યેનમાં બેન્ક ઓફ જાપાનની દરમિયાનગીરીના ડરે યેનમાં ઝડપી બાઉન્સ આવ્યો છે. આગામી 11 સપ્ટેમ્બરે અમેરિકાનો વપરાશી ભાવાંકનો ડેટા આવશે. જોબ ડેટા ખૂબ મજબૂત હતો પણ ફુગાવાનો ડેટા કદાચ 'ન્યુટ્રલ' હશે. ડેટાના મામલે ઓડ ઈવન ન્યાયે એક ડેટા સારો, એક ખરાબ આવુ ડેટા નેજમેન્ટ- કદાચ સ્ક્રિપ્ટેડ પ્લેબુક હોઈ શકે એવી શંકા થાય તો એ ખોટું નથી. 'એનીથિંગ કેન બી ફિક્સ- રિગ્ડ' આપણે આજ કાલ આવા આર્થિક વિશ્વનો હીસ્સો છીએ. વૈશ્વિક શેરબજારોની વાત કરીએ તો શુક્રવારે નોન ફાર્મ પેરોલ ડેટા ધારણા કરતા ઘણો મજબૂત હતો. ઓગષ્ટ માસમાં રોજગારી 55000 વધવાના અંદાજ સામે 162000 વધી હતી.

જૂલાઈમાં પણ રોજગારીના આંકડા અપવર્ડ રિવાઈઝ થયા હતા. જોબ ડેટા ઘણો મજબૂત આવતા સોનાચાંદી, બેઝ મેટલ્સમાં વેચવાલી આવી હતી. આગામી 16 સપ્ટેમ્બરની બેઠકમાં ફેડ વ્યાજદર વધારશે એવી અટકળો ચાલે છે. ટ્રમ્પે ફરી એકવાર વ્યાજદર ઘટાડવાની માગ કરી છે. મારા મતે સપ્ટેમ્બરમાં રેટ વધવાની શકયતા નહીવત છે.

બુલિયનની વાત કરીએ તો સોનું 4300-4800 ડોલર અને સ્થાનિક એમસીએક્સ સોનું 148000-162000ની રેન્જમાં અથડાઈ ગયું છે. ચાંદી 2.25-2.75 લાખની મોટી રેન્જમાં કોન્સોલિટેડ થાય છે. બેઝ મેટલ્સ રેન્જબાઉન્ડ બની ગઈ છે. નાયમેક્સ ક્રુડ 65-85 ડોલરનો બેઝ બનાવી હવે 85-115 ડોલરની રેન્જમાં આવી શકે. સ્થાનિક સ્તરે ક્રુડની રેન્જ 7000-10000 છે.

એગ્રીકોમોડિટીઝમાં તેલ-અનાજ-કઠોળ-ખાંડ જેવી જીવનજરૂરી ચીજોમાં તહેવારોનીમાગ અને નબળા ચોમાસાની આશંકાએ તેજીનો ટોન છે.

સરકાર સ્ટોક લીમીટ, આયાત ડયુટી કટ જેવા પગલાથી મોંઘવરી ડામવા સતર્ક રહેશે, પણ અલ નીનો-કલાયમેટ વોલેટીલીટી-પરિવહન નૂરભાડા વધારે હાવી રહેશે. ગવાર-હળદર-એરંડા-ધાણા-સરસવ જેવી સટ્ટાકીય કોમોડિટીઝમાં તેજીનો ભારેલો અગ્ની દેખાય છે.

ક્રૂડના ભાવ સહિતની બાબતો પર નજર રાખવા નીતી ઘડવૈયાઓ માટે મહત્વનો સ્ત્રોત : ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટ

કોમોડિટી વોચ

પશ્ચિમ એશિયાના સંકટને કારણે ભારતીય રિફાઈનરીઓએ વૈકલ્પિક સ્ત્રોતો શોધવાની ફરજ પડતાં કાચા તેલ (ક્રૂડ) ખરીદીની વિવિધતાસભર વ્યૂહરચના અપનાવી છે. એક નિષ્ણાત સૌરવ આનંદ સમજાવે છે કે જ્યારે નીતિ ઘડવૈયાઓ અને કંપનીઓ ક્રૂડના ભાવ, ફુગાવાના જોખમો અને ભૌગોલિક-રાજકીય અવરોધોની અસર પર નજર રાખે છે, ત્યારે ભારતીય ક્રૂડ બાસ્કેટ એક

જ્યારે નીતિ ઘડવૈયાઓ અને કંપનીઓ ક્રૂડના ભાવ, ફુગાવાના જોખમો અને ભૌગોલિક-રાજકીય અવરોધોની અસર પર નજર રાખે છે, ત્યારે 'ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટ' એક નિર્ણાયક સંદર્ભ છે

નિર્ણાયક સંદર્ભ છે. ઇન્ડિયન ક્રૂડ બાસ્કેટ (ICB)ને સૌથી સરળ રીતે એ રીતે સમજાવી શકાય છે કે તે ભારતનો ક્રૂડ-પ્રાઇસ ઈન્ડેક્સ (કાચા તેલનો ભાવ સૂચકાંક) છે. કાચું તેલ એ એકસમાન ઉત્પાદન નથી. કેટલાક ગ્રેડ હલકા હોય છે અને તેમાં સલ્ફરનું પ્રમાણ ઓછું હોય છે, જેને 'સ્વીટ ક્રૂડ' કહેવામાં આવે છે. જ્યારે અન્યમાં સલ્ફર વધુ હોય છે અને તેને 'સોર ક્રૂડ' કહેવાય છે. દરેક કાર્ગોને અલગથી ટ્રેક કરવાને બદલે, ICB બે વ્યાપક આંતરરાષ્ટ્રીય ભાવ સંદર્ભોને જોડે છે. 'ડેટેડ બ્રેન્ટ' (Dated Brent) સ્વીટ-ક્રૂડ ઘટકનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે દુબઈ અને ઓમાનની સરેરાશ સોર-ક્રૂડ ઘટકનું પ્રતિનિધિત્વ કરે છે. તેમના ભાવોને તેમના સંબંધિત વજન (ભાર) સાથે ગુણાકાર કરીને એક બાસ્કેટ ભાવ મેળવવામાં આવે છે. આ રીતે ICB દર્શાવે છે કે ભારતનો એકંદર કાચા તેલનો ખર્ચ વધી રહ્યો છે કે ઘટી રહ્યો છે.

આવું એટલા માટે થાય છે કારણ કે ભારતીય રિફાઈનર્સ દર મહિને એક સરખું ક્રૂડ મિશ્રણ ખરીદતા નથી. ભાવ, ઉપલબ્ધતા, ક્રૂડની ગુણવત્તા, નૂર ખર્ચ, ભૌગોલિક-રાજકીય જોખમો અને પુરવઠાની સુરક્ષાના આધારે ખરીદીના નિર્ણયો બદલાય છે. રિફાઈનર્સ દ્વારા આયાત કરવામાં આવતા સ્વીટ અને સોર ક્રૂડના મિશ્રણમાં ફેરફાર થાય છે તેમ, બાસ્કેટના વજનમાં પણ ફેરફાર થાય છે. ઉંચુ સ્વીટ-ક્રૂડ વજન દર્શાવે છે કે ભારતે અગાઉના સમયગાળામાં વધુ સ્વીટ ક્રૂડની આયાત કરી હતી, અને તેથી તે મહિને બાસ્કેટ પર બ્રેન્ટ-લિંક્ડ પ્રાઈસિંગની અસર વધુ રહે છે. સ્વીટ (બ્રેન્ટ-લિંક્ડ) વિરુદ્ધ સોર (દુબઈ/ઓમાન-લિંક્ડ) નો આ ગુણોત્તર એપ્રિલમાં 61.02:38.98 થી વધીને મેમાં 70:30, જૂનમાં 71.02:28.98 અને જુલાઈમાં 79.40:20.60 થયો હતો. ઓગસ્ટમાં તે બદલાઈને 74.94:25.06 અને સપ્ટેમ્બરમાં 77.81:22.19 થયો હતો.

ઉચ્ચ બ્રેન્ટ વજનનો અર્થ શું છે? બાસ્કેટનું વજન એ ખાલી એ વાતનો નકશો નથી કે ભારત ક્યાંથી ક્રૂડ મેળવે છે. તે આયાત કરવામાં આવતા ક્રૂડના પ્રકાર અને તેના ભાવનું પ્રતિનિધિત્વ કરવા માટે વપરાતા બેંચમાર્કનું પ્રતિનિધિત્વ કરે છે.રશિયા, આફ્રિકા અથવા અન્ય

પ્રદેશમાંથી આયાત કરાયેલ એક બેરલની કિંમત બ્રેન્ટના સંદર્ભમાં નક્કી થઈ શકે છે. જ્યારે મધ્ય પૂર્વના ઘણા સોર ગ્રેડ દુબઈ અથવા ઓમાન સાથે વધુ નજીકથી જોડાયેલા છે.તેથી, 77.81% બ્રેન્ટ-લિંક્ડ ઘટકનો અર્થ એ નથી કે ભારતનું 77.81% ક્રૂડ યુરોપ અથવા નોર્થ સીમાંથી આવે છે. તેનો અર્થ એ છે કે બાસ્કેટમાં સ્વીટ ક્રૂડનો મોટો હિસ્સો છે, જેનાથી બ્રેન્ટ-લિંક્ડ પ્રાઈસિંગ વધુ પ્રભાવશાળી બને છે. શું રિફાઈનર્સ ICB દરે ખરીદી કરે છે?ના. આ એક મહત્વપૂર્ણ તફાવત છે. ICB એ એક બેંચમાર્ક છે, દરેક રિફાઈનરી દ્વારા ચૂકવવામાં આવતું વાસ્તવિક ઈનવોઈસ નથી. ભારતીય રિફાઈનર્સ લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ અથવા સ્પોટ પરચેઝ (તાત્કાલિક ખરીદી) દ્વારા વ્યક્તિગત ક્રૂડ ગ્રેડ ખરીદે છે. ચોક્કસ કાર્ગો તેના બેંચમાર્કથી ડિસ્કાઉન્ટ અથવા પ્રીમિયમ પર વેચાઈ શકે છે.ધારો કે ICB નો ભાવ પ્રતિ બેરલ $95 છે. એક રિફાઈનરી $5 ના ડિસ્કાઉન્ટ પર ક્રૂડ ગ્રેડ મેળવી શકે છે, જેથી તેની ખરીદ કિંમત આશરે $90 થાય છે. બીજી રિફાઈનરી $3 ના પ્રીમિયમ પર ગ્રેડ ખરીદી શકે છે, જેથી કિંમત આશરે $98 થાય છે.

ત્યારબાદ નૂર અને વીમો આવે છે. જો $90 ના બેરલને ભારતમાં પરિવહન કરવાનો ખર્ચ અન્ય $8 થાય છે, તો તેની ડિલિવર્ડ કિંમત આશરે $98 થઈ જાય છે. જો બીજા બેરલની કિંમત $98 હોય અને શિપિંગ તથા વીમો $10 ઉમેરે, તો તેની લેન્ડેડ કિંમત $108 સુધી પહોંચી શકે છે. તેથી, સમાન ICB વિવિધ રિફાઈનર્સમાં ખૂબ જ અલગ-અલગ ખરીદી ખર્ચ સાથે અસ્તિત્વમાં હોઈ શકે છે. પશ્ચિમ એશિયા સંકટ દરમિયાન શું બદલાયું છે?: પશ્ચિમ એશિયાનું સંકટ માત્ર મુખ્ય ક્રૂડ તેલના ભાવો કરતાં ઘણું વધારે અસર ધરાવે છે. બજારોમાં પુરવઠો ખોરવાઈ જવાની વિષમતાના ડરથી તેલના ભાવ વધી શકે છે. અમુક ક્રૂડ ગ્રેડની અછત ઊભી થઈ શકે છે અને તેના ઊંચા પ્રીમિયમ વસૂલ થઈ શકે છે. ટેન્કરનું નૂર ભાડું વધી શકે છે, યુદ્ધ-જોખમ વીમો મોંઘો થઈ શકે છે, અને હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વપૂર્ણ માર્ગો પર જહાજોને વિલંબનો સામનો કરવો પડી શકે છે. ત્યારબાદ ભારતીય રિફાઈનર્સ તેમની ખરીદીમાં ગોઠવણ કરે છે.

પવન વિદ્યુત ઉત્પાદન ક્ષેત્રે ભારત વિશ્વમાં ત્રીજા સ્થાને આવવાની તૈયારીમાં

ઇકોનોમી ઇન્સાઇડર

ડીઝલ, કોલસાના ઉંચા ભાવ અને વધતા પ્રદૂષણ તથા જળ વિદ્યુત મથકો બાંધવા માટેની મર્યાદિત તકો તથા પરમાણુ ઉર્જા સાથે સંકળાયેલા જોખમો વગેરે પરિબળો વચ્ચે ભારત વીજળી ઉત્પાદનના વૈકલ્પિક સ્ત્રોત તરીકે પવન ચક્કી વડે વીજળીના ઉત્પાદન પર પણ ભાર આપી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયમાં તેણે પવન ઉર્જા ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. હાલમાં ભારતના પવન ઊર્જા (વિન્ડ) ક્ષેત્રમાં 43

ગીગાવોટ (GW)ના પ્રોજેક્ટ્સ નિર્માણ હેઠળ છે, જે ક્ષમતા ઉમેરામાં ઝડપી પ્રગતિ માટેની ભૂમિકા તૈયાર કરે છે. બીજી તરફ, સ્થાનિક ટર્બાઈન ઉત્પાદન ક્ષમતા વધીને વાર્ષિક 24 ગીગાવોટ પર પહોંચી ગઈ છે. વળી, ભારત પવન વીજળીના ક્ષેત્રના સાધનોની નિકાસ પણ કરવા માંડ્યું છે. નાણાકીય વર્ષ 2026માં ઉપકરણોની નિકાસ 12,000 કરોડને પાર કરી ગઈ છે. ભારતે FY26 માં રેકોર્ડ 6.05 GW ની પવન ઊર્જા ક્ષમતા ઉમેરી છે, જેની સાથે 31 જુલાઈ, 2026 સુધીમાં કુલ સ્થાપિત ક્ષમતા વધીને 58.14 GW થઈ ગઈ છે. 150-મીટરની હબ ઊંચાઈએ 1,164 GW સુધીની અંદાજિત પવન વીજળી ક્ષમતા સામે ઉદ્યોગ 2030 સુધીમાં આશરે 100 GWનો લક્ષ્યાંક ધરાવે છે, જેના માટે દર વર્ષે લગભગ 10 GWનો ઉમેરો જરૂરી છે.

પવન વીજળીના ઉત્પાદનની બાબતમાં ચીન હાલમાં આશરે 700 GW સાથે પ્રથમ ક્રમે છે, ત્યારબાદ 160 GW થી વધુ ક્ષમતા સાથે અમેરિકા બીજા ક્રમે છે, જ્યારે જર્મની ત્રીજા ક્રમે છે. ભારત ૨૦૩૦ પહેલા જર્મનીથી આગળ નીકળી જશે તેવી આશા છે

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન : + ૯૧ ૮૯૮૨૯૭૭૭૫૯ ,+ ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭

સુધારો

આથી **તા.૦૫.૦૮.૨૦૨૬** ના રોજ ગુજરાતમિત્ર અખબાર માં છપાયેલ **તા.૦૮.૦૯.૨૦૨૬** ના રોજ આયોજીત ઈ-હરાજી વેચાણ નોટીસ ના સંદર્ભમાં જણાવવાનું કે. **અ.નં.૨ (બલેશ્વર શાખા) ના દેવાદાર : શ્રી હરેશભાઈ આભાભાઈ ખાસીયા** ની વિગતમાં **અ.નં. ૧ – અનામત કિંમત ૨૪,૦૯,૦૦૦/–, ઈએમડી ૨,૪૦,૯૦૦/–** ભુલ અને શરતચુકથી ખોટી છપાયેલ છે. જે સુધારીને ખરી **અ.નં. ૧ – અનામત કિંમત ૩૦,૯૭,૦૦૦/–, ઈએમડી ૩,૦૯,૭૦૦/–** વાંચવી.
આ હરાજીની બીજી બધી વિગતો યાથાવત રહેશે.

તા.૦૭.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ભીમપોર શાખા : નાના હિરા સ્ટ્રીટ, મેઈન રોડ, પોસ્ટ – ડુમસ, ૬૧૪, જુના સ્ટેશન, ભીમપોર, સુરત, ગુજરાત–૩૯૪૫૫૦
ઈમેઈલ : bhimpo@bankofbaroda.com

કબજા નોટીસ (ધારા ૧૩(૪)) (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (બીજો) એક્ટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૧૭.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/ ગીરવેદાર શ્રી નિખીલકુમાર રામપ્રસાદ વર્મા ((દેવાદાર), અને શ્રીમતી નીતુદેવી નિખીલકુમાર વર્મા (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૫,૧૫,૫૩૨.૪૭/– (રૂા. પંદર લાખ પંદર હજાર પાંચસો બત્રીસ અને સુડતાલીસ પૈસા પુરા) + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૩જી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની બાકી રકમ **રૂા.૧૫,૧૫,૫૩૨.૪૭** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શીવ વાટીકા વિભાગ–૨ નો પ્લોટ નં. ૬૦૦ સાઈટ મુજબ એરિયા માપ ૭૨.૦૦ ચો.વાર એટલે ૬૦.૨૦ ચો.મી (પ્લાન મુજબ માપ ૫૫.૯૩ ચો.મીટર) જમીન ના બાંધકામ ના વણવહેચાયેલ હિસ્સા માપ ૩૧.૨૨ ચો.મી રોડ અને સીઓપી સહિત રેવન્યુ સર્વે નં. ૭૦/૧ અને ૭૦/૨ તેનો બ્લોક નં. ૬૬ (રીસર્વે પછી બ્લોક નં.૮૭ અને ૮૮), ગામ. નનસાડ, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૫૯૯, **ઉત્તર તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૬૦૧ આવેલ છે.

તા. ૦૩.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભીમપોર શાખા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ઝાંપા બજાર શાખા : જુના મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ સુરત–૩૯૫૦૦૩. ફો. નં.- ૦૨૬૧– ૨૪૨૩૩૦૩, ૨૪૩૯૪૪૨
email :zampab@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૫.૦૫.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી ગીતાબેન કાંજીભાઈ ભારોડિયા (દેવાદાર) અને શ્રી અમીત કાંજીભાઈ ભારોડિયા (સહદેવાદાર)** , ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩૭,૩૦,૪૪૬.૨૯ (રૂા.સાડત્રીસ લાખ ત્રીસ હજાર ચારસો છેતાલીસ અને ઓગણત્રીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર નું અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારઆ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૨જી સપ્ટેમ્બર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૩૭,૩૦,૪૪૬.૨૯ વત્તા વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી'સગુન હાઈટ્સ નામ ની બિલ્ડીંગ નં.'બી' ના ૪થા માળનો ફલેટ નં.૪૦૪ બિલ્ટઅપ એરિયા માપ ૬૪.૯૧ ચો.મી. રેરા કારપેટ એરિયા ૫૮.૭૭ ચો.મી અને વોશ એરિયા ૨.૭૨ ચો.મી,ના વણવહેચાયેલ હિસ્સા માપ ૨૪.૧૬ ચો.મી જે આ બિલ્ડીંગ ના બાંધકામ માટે ની જમીન સબ–પ્લોટ નં.૧ માપ ૫૪૧૨.૦૦ ચો.મી, ફાઈનલ પ્લોટ નં.૧૫(ટી.આર મુજબ) માપ ૧૪૯૮૯.૦૦ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૧૮(મોટા વરાછા), બ્લોક નં.૧૪, રેવન્યુ સર્વે નં.૧૫, ગામ.મોટા વરાછા, તા. અડાજણ(સુરત સીટી), જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સબ પ્લોટ નં.૨,૩ અને ૪, **પશ્ચિમ તરફ** : એફ.પી નં. ૧૪ અને આર–૧૯, **ઉત્તર તરફ** : આર–૧૯, **દક્ષિણ તરફ** : ૨૪ મીટર ટી.પી.રોડ.

તા. ૦૨.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઝાંપા બજાર શાખા.**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન :+ ૯૧ ૮૯૮૨૯૭૭૭૫૯ , ૭૮૧૪૩૪૬૩૧૭

ઈ-હરાજી વેચાણ નોટીસ
હરાજીની તા.૨૩/૦૯/૨૦૨૬,સમય :બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તા.૨૧/૦૯/૨૦૨૬ અને ૨૨/૦૯/૨૦૨૬

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિક્યુર્ટ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ગીરવેદાર/જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

અ.નં.	શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ	મિલકતનાં માલિક	મિલકતનું વર્ણન	મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફ્લેટ/રહે. પ્લોટ/ઔધોગિક પ્લોટ/ ઔધોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક	બાકી લેણા (રૂા. લાખમાં) તા.૩૧.૦૮.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા)	૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ	સંપર્ક અધિકારીનું નામ અને નંબર
૧	**ભુલકા ભવન** મેસર્સ વીરામદેવ કંસ્ટ્રકશન કો. (માલિક શ્રી રાજેશકુમાર વીરામભાઈ રાવલ) ૦૧.૦૭.૨૦૨૫	શ્રી વીરામભાઈ મેવાભાઈ રાવલ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'શ્રી આર્કેડ' મલ્ટીસ્ટોરાઈડ બિલ્ડીંગ ના ૨જા માળનો ઓફિસ નં. ૨૦૧ સુપર બિલ્ટઅપ એરીયા એરીયા માપ ૩૮૮.૮૦ ચો.ફુટ એટલે ૩૬.૧૨ ચો.મીટર અને માપ ૩૬૦.૦૦ ચો.ફુટ એટલે ૩૩.૪૪ ચો.મીટર રેવન્યુ બ્લોક નં. ૧૭૯/૧/બી, સર્વે નં. ૧૧૩/૧એ, ૧૧૩/૧બી માપ આશરે ૧૩૮૭ ચો.મી, ટી.પી. સ્કીમ નં. ૬૯ (ગોડાદરા– ડિંડોલી) પૈકી ભાગ નં. ૧૫૪ અને એફ.પી.નં. ૧૫૪/બી, એન.એ જમીન માપ આશરે ૯૦૪ ચો.મીટર, મુ. ડિંડોલી, સુરત ખાતે આવેલ છે.	કોર્મશીયલ દુકાન / પ્રત્યક્ષ		૧) ૨૬,૯૫,૦૦૦ ૨) ૨,૬૯,૫૦૦ ૩) ૧૦,૦૦૦	શુકેસ શ્રીવાસ્તવ ૮૯૮૦૦૨૬૬૨૧
૨	**ભુલકા ભવન** મેસર્સ વીરામદેવ કંસ્ટ્રકશન કો. (માલિક શ્રી રાજેશકુમાર વીરામભાઈ રાવલ) ૦૧.૦૭.૨૦૨૫	શ્રી વીરામભાઈ મેવાભાઈ રાવલ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સિલ્વર લીફ રેસીડન્સી' તરીકે ઓળખાતો નો પ્લોટ નં. બી–૩૯ (૭/૧૨, મુજબ ૬૬૬/પૈકી પ્લોટ નં. ૩૯) માપ ૧૩૪.૩૯ ચો.મીટર, કોમન પ્લોટ નં. ૬૯ માપ ૧૧.૪૫ ચો.મીટર, કોમન પ્લોટ નં. ૭૦ માપ ૬.૩૫ ચો.મીટર, કોમન પ્લોટ નં. ૭૩ માપ ૫૦.૦૫ ચો.મી કુલ માપ ૨૦૨.૨૪ ચો.મીટર, બ્લોક નં. ૬૬૬ માપ ૧૧૫૩૪ ચો.મીટર ગામ. વાડા(અડદા), તા. નવસારી, જી.નવસારી. ખાતે આવેલ છે.	રહેણાંકનો ખુલ્લો પ્લોટ / સાંકેતિક	રૂા.૭૭.૦૮ + અન્ય ચાર્જીસ	૧) ૧૭,૩૭,૦૦૦ ૨) ૧,૭૩,૭૦૦ ૩) ૧૦,૦૦૦	
૩	**ભુલકા ભવન** મેસર્સ વીરામદેવ કંસ્ટ્રકશન કો. (માલિક શ્રી રાજેશકુમાર વીરામભાઈ રાવલ) ૦૧.૦૭.૨૦૨૫	શ્રી વીરામભાઈ મેવાભાઈ રાવલ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સિલ્વર લીફ રેસીડન્સી' તરીકે ઓળખાતો નો પ્લોટ નં. બી–૪૦ (૭/૧૨, મુજબ ૬૬૬/પૈકી પ્લોટ નં. ૪૦) માપ ૯૦.૭૧ ચો.મીટર, કોમન પ્લોટ નં. ૬૯ માપ ૧૧.૪૫ ચો.મીટર, કોમન પ્લોટ નં. ૭૦ માપ ૬.૩૫ ચો.મીટર, કોમન પ્લોટ નં. ૭૩ માપ ૫૦.૦૫ ચો.મીટર, કુલ માપ ૧૫૮.૫૬ ચો.મીટર, બ્લોક નં. ૬૬૬ માપ ૧૧૫૩૪ ચો.મીટર ગામ. વાડા(અડદા), તા. નવસારી, જી.નવસારી. ખાતે આવેલ છે.	રહેણાંકનો ખુલ્લો પ્લોટ / સાંકેતિક		૧) ૧૧,૭૨,૦૦૦ ૨) ૧,૧૭,૨૦૦ ૩) ૧૦,૦૦૦	
૪	**ડામકા** રાજારામ પરસારામ જાજુંદા અને મોહનીદેવી રાજારામ જાજુંદા ૧૧.૧૧.૨૦૨૫	મોહનીદેવી રાજારામ જાજુંદા	તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે આકાશ દર્શન એપાર્ટમેન્ટ ના ૭મા માળનો ફ્લેટ નં.–૭૦૧ બિલ્ટ અપ એરીયા માપ આશરે ૯૮.૮૮ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન માપ ૩૮.૦૦ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૩૦, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬, ફાઈનલ પ્લોટ નં. ૬, ગામ–મજુરા, સીટી– સુરત સબડિસ્ટ્રિક–સુરત સીટી, ડિસ્ટ્રીક–સુરત ખાતે આવેલ છે.	ફ્લેટ / પ્રત્યક્ષ	રૂા.૬૩.૨૩ + અન્ય ચાર્જીસ	૧) ૫૬,૯૩,૪૦૦ ૨) ૫,૬૯,૩૪૦ ૩) ૧૦,૦૦૦	સોલંકી હિતેશકુમાર શંકરભાઈ ૮૯૮૦૦૨૬૬૨૬
૫	**બેગમપુરા** કનુભાઈ વિઠ્ઠલભાઈ ગોઠડીયા અને જાગૃતીબેન ગોઠડીયા ૨૩.૦૭.૨૦૨૫	જાગૃતીબેન ગોઠડીયા	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ક્રિસ્ટલ હોમ્સ તરીકે ઓળખાતી ઈ–ટાઈપ નો પ્લોટ નં. ૩૩ માપ ૫૨.૦૯ ચો.મીટર પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૪૪.૧૭ ચો.મી રોડ અને સીઓપી કુલ માપ ૯૬.૨૬ ચો.મી જમીનના બાંધકામ નો બ્લોક નં. ૧૩૦ માપ ૧૨૯૫૦ ચો.મી ગામ અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત ગુજરાત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૧૮.૬૫ + અન્ય ચાર્જીસ	૧) ૧૬,૯૬,૦૦૦ ૨) ૧,૬૯,૬૦૦ ૩) ૧૦,૦૦૦	નરેશ શંખલેચ ૮૯૮૦૦૨૧૦૬૯
૬	**દિહેણ** મહેશભાઈ ગોવિંદભાઈ મોરી ૦૨.૦૪.૨૦૧૯	મહેશભાઈ ગોવિંદભાઈ મોરી અને મંગુબેન મહેશભાઈ મોરી	લક્ષ્મી રેસીડન્સીમાં આવેલ પ્લોટ નં. ૬૪, માપ ૪૮ ચો.વાર, બ્લોક નં. ૧૬૧/એ/૧, રેવન્યુ સર્વે નં. ૨૭૧/૩ પૈકી, ૩૦૮ પૈકી ૨૭૩, ૩૦૫ અને ૩૦૭, મોજે ગામ.સ્યાદલા, ઓલપાડ, સુરત.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૧૬.૭૫ + અન્ય ચાર્જીસ	૧) ૬,૫૮,૮૦૦ ૨) ૬૫,૮૮૦ ૩) ૧૦,૦૦૦	રીતુકાંત શ્રીવાસ્તવ ૮૯૮૦૦૨૬૬૨૭
૭	**બેગમપુરા** ગણેશ રઘુનાથ વાઘ ૧૫.૦૭.૨૦૨૪	ગણેશ રઘુનાથ વાઘ	ઈકવીટેબલ મોંગેજ કરેલ મિલકત સીલીકોન રેસીડન્સી નામે જાણીતી સોસાયટી નો પ્લોટ નં. ૨૮૭ (કેજેપી રેકોર્ડ મુજબ બ્લોક નં. ૧૧૧/બી/૨૮૭, માપ ૪૨.૭૯ ચો.મીટર) કે જે જોલવા, હોટલ સર્વોત્તમ ની પાછળ, પલસાણા નો બ્લોક નં. ૧૧૧/બી (રેવન્યુ સર્વે નં. ૭૭/૨, જુનો બ્લોક નં. ૧૧૧/બી અને ૧૧૧/સી) ગામ. જોલવા, હોટલ સર્વોત્તમ ની પાછળ, તા.પલસાણા, ડી.સુરત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૧૦.૯૧ + અન્ય ચાર્જીસ	૧) ૬,૯૯,૦૦૦ ૨) ૬૯,૯૦૦ ૩) ૧૦,૦૦૦	નરેશ સંકલેચા ૮૯૮૦૦૨૧૦૬૯
૮	**ચલથાણ** સુશીલ ત્રીભુવનનાથ પાંડે ૨૮.૦૭.૨૦૨૫	સુશીલ ત્રીભુવનનાથ પાંડે	તમામ હક, હિત, સંબંધ ધરાવતી સ્થાયી મિલકત ગોકુલધામ વિલા તરીકે ઓળખાતો રહેણાંકના પ્રોજેકટ નો પ્લોટ નં. ૨૪, (સાઈટ મુજબ પ્લોટ નં. ૨૪) કેજેપી માપ આશરે ૬૦.૧૧ ચો.મીટર, સાઈટ મુજબ માપ ૬૦.૨૦ ચો.મીટર એટલે ૭૨.૦૦ ચો.વાર, વણવહેચાયેલ હિસ્સા માપ ૩૩.૧૬ ચો.મીટર રોડ અને સીઓપીના બિનખેતી જમીન ઉપર બધી સોસાયટીનો, રેવન્યુ સર્વે નં. ૨૭૨ પૈકી તેનો બ્લોક નં. ૨૦૦/એ માપ ૨૪૬૧૫.૦૦ ચો.મીટર ગામ. તાતીથૈયા, તા. પલસાણા, સુરત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૧૨.૧૨ + અન્ય ચાર્જીસ	૧) ૧૨,૫૩,૦૦૦ ૨) ૧,૨૫,૩૦૦ ૩) ૧૦,૦૦૦	અભીષેકકુમાર ૮૯૮૦૦૨૧૦૭૩
૯	**બેગમપુરા** વાલ્મીકી સીતારામ મીસ્ત્રી ૧૨.૦૪.૨૦૨૧	વાલ્મીકી સીતારામ મીસ્ત્રી	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'સીલીકોન રેસીડેન્સી' તરીકે જાણીતો નો પ્લોટ નં. ૨૮૬ (કેજેપી રેકોર્ડ મુજબ બ્લોક નં.૧૧૧/બી/૨૮૬, માપ ૪૨.૭૯ ચો.મી) કે જે જોલવા, હોટલ સર્વોત્તમ ની પાછળ, પલસાણા નો બ્લોક નં. ૧૧૧/બી (રે.સ.નં. ૭૭/૨, જુનો બ્લોક નં. ૧૧૧/બી અને ૧૧૧/સી), કુલ માપ ૪૪.૬૧ ચો.મી, ગામ. જોલવા, હોટલ સર્વોત્તમ ની પાછળ, તા.પલસાણા, ડી.સુરત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૧૮.૦૨ + અન્ય ચાર્જીસ	૧) ૬,૩૧,૦૦૦ ૨) ૬૩,૧૦૦ ૩) ૧૦,૦૦૦	નરેશ સંકલેચા ૮૯૮૦૦૨૧૦૬૯
૧૦	**એમએસએમઈ** મેસર્સ રાયઝાદા એકસપોર્ટસ (માલિક. શ્રી રાજેશભાઈ મનજીભાઈ સુતરીયા) ૨૭.૦૧.૨૦૨૬	શ્રી રાજેશ મનજીભાઈ સુતરીયા	તમામ હકક, હિત અને સબંધ ધરાવતી 'સ્થાયી મિલકત' કે જે નોર્થ એક્ષ્ટેન્સન' બીજા માળની દુકાન નં. ૨૦૧૭ સુપર બીલ્ટઅપ એરીયા માપ ૪૩૬૦.૦૦ ચો.ફુટ એટલેકે ૪૦૫.૨૦ ચો.મી અને કારપેટ એરીયા માપ ૨૫૨૯.૦૨૫ ચો.ફુટ એટલે ૨૩૫.૦૩૯૫ ચો.મી (એસએમસી વેરા બીલ મુજબ ૨૩૨.૧૬ ચો.મી) ૧–૧૦ કાર્ડ ૪, મુજબ સુરત શહેરમાં બેગમપુરા વિસ્તારમાં તા.સીટી (ચોર્યાસી) જીલ્લો સુરત ખાતે મિલકત સીટી સર્વે નોંધ નં. ૧૬૫૦ છે.	કોર્મશીયલ દુકાન / પ્રત્યક્ષ	રૂા.૫૩૯.૯૪ + અન્ય ચાર્જીસ	૧) ૨,૭૫,૪૯,૦૦૦ ૨) ૨૭,૫૪,૯૦૦ ૩) ૫૦,૦૦૦	પ્રણોતિ એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫

સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ

મિલકત નં. ૧ થી ૯ માટે બિડ વધારાની રકમ રૂા.૧૦,૦૦૦/– (રૂપિયા દશ હજાર પુરા) અને મિલકત નં. ૧૦ માટે રૂા. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર પુરા)રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com પર જાવ. સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૮૯૮૨૯૭૭૭૫૯ +૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, નો સંપર્ક કરે.
(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)

SCAN HERE For detailed Terms & Conditions

તા.૦૭.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા**